પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૫ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૮, રવિવાર ; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**રોટોમેક કંપનીના માલિક ૧૧ દિવસના રીમાન્ડ પર**

રોટોમેક કંપનીના માલિક વિક્રમ કોઠારી અને તેમના દિકરા રાહુલ કોઠારીને સીબીઆઈની વિશેષ અદાલતે ૧૧ દિવસના રીમાન્ડ પર મોકલી આપવામાં આવ્યા છે. બંને પર બેંક લોનના રૂ. ૩,૬૯૫ કરોડ ન ચુકવવાનો આરોપ છે.

**અરૂણાચલમાં રહસ્યમય ચાઈનીઝ ઈન્સ્ટ્રુમેન્ટ મળ્યુ**

અરૂણાચલ પ્રદેશના કામલા જિલ્લામાં એક રહસ્યમય ઈન્સ્ટ્રુમેન્ટ મળવાથી સનસની મચી ગઈ છે. આ ઉપકરણ પર ચીનની મંદારીન ભાષામાં કંઈક લખવામાં આવ્યુ છે.

**સીરીયામાં સંઘર્ષ વિરામ લાવો : સંયુક્ત રાષ્ટ્ર**

સંયુક્ત રાષ્ટ્રમાં કુવૈતના રાજદૂત મંસૂરઅલી ઓતેબીએ કહ્યુ છે કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સીરીયામાં ૩૦ દિવસના સંઘર્ષ વિરામની માંગના મુસદ્દાનો એકાદ બે દિવસમાં ફેંસલો આવી શકે છે. અહીં છેલ્લા ઘણા દિવસોથી યુદ્ધ જેવી પરિસ્થિતિના કારણે બાળકો અને મહિલાઓની હાલત બદતર થઈ ગઈ છે.

**જીન્માસ્ટીક વર્લ્ડકપમાં ભારતને મેડલ**

ઓસ્ટ્રેલીયાના મેલબોર્નમાં ચાલી રહેલા જીન્માસ્ટીક વર્લ્ડકપમાં ભારતીય ખેલાડી બી. અરૂણાએ બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. પ્રથમવાર કોઈ ભારતીય જીન્માસ્ટે વર્લ્ડકપમાં મેડલ પ્રાપ્ત કર્યો છે.

# હવે, ઓબીસીમાં ૩૯૦ કરોડનું કૌભાંડ

**સીબીઆઇ દ્વારા કેસ દાખલ કરીને ઉંડી તપાસ : છેલ્લા ૭ મહિનાથી ફરિયાદને દબાવી રાખ્યા બાદ તપાસ : માલિકો ૧૦ માસથી ફરાર**




ન્યુ દિલ્હી,તા.૨૪

પંજાબ નેશનલ બેંક (પીએનબી)ના રૂ. ૧૧,૩૦૦ કરોડના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ હવે ઓરિયન્ટલ બેંક ઓફ કોમર્સ (ઓબીસી)માં રૂ. ૩૯૦ કરોડનું કૌભાંડ બહાર આવ્યું છે. સીબીઆઈએ ઓરિયન્ટલ બેંક ઓફ કોમર્સની ફરિયાદ પર રૂ. ૩૯૦ કરોડના કૌભાંડમાં દિલ્હી સ્થિત એક જ્વેલરી આઉટલેટ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

સીબીઆઈએ કરોલબાગ સ્થિત દ્વારકાદાસ શેઠ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ કંપની ડાયમન્ડ, ગોલ્ડ અને સિલ્વર જ્વેલરીના મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગનું કામ કરતી હતી.

આ કંપનીએ ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન ઓરિયન્ટલ બેંક ઓફ કોમર્સની ગ્રેટર કૈલાસ-૨ સ્થિત બ્રાંચમાંથી ફોરેન લેટર ઓફ ક્રેડિટ મેળવીને કેટલાય પ્રકારની લોન લીધી હતી. આ કંપનીનું સંચાલન સભ્ય શેઠ અને રીતા શેઠના હાથમાં છે, જેઓ પંજાબીબાગમાં રહે છે.

આ ઉપરાંત કૃષ્ણકુમાર સિંહ અને રવિકુમાર સિંહ પણ આ કંપની સાથે જોડાયેલા છે, જેઓ સરાઈકાલે ખાનના નિવાસી છે. આ ઉપરાંત એક અન્ય કંપની દ્વારકાદાસ શેઠ એસઈઝેડ ઈન કોર્પોરેશનનું નામ છે. બેંકે પોતાની તપાસ બાદ એવો દાવો કર્યો હતો કે સભ્ય શેઠ અને કંપનીના અન્ય ડાયરેક્ટર છેલ્લા ૧૦ મહિનાથી તેમના ઘર પર ઉપલબ્ધ નથી. બેંકે પોતાની તપાસમાં એવી શંકા વ્યક્ત કરી છે કે સભ્ય શેઠ પણ નીરવ

● અનુસંધાન પાન-૭ પર

## નીરવ મોદી અને મેહુલ ચોક્સીના પાસપોર્ટ રદ

નવી દિલ્હી,તા. ૨૪

પંજા નેશનલ બેંકની સાથે ૧૧૩૦૦ કરોડ રૂપિયાની ઠગાઇ કરનાર હીરા કારોબારી નીરવ મોદી અને તેમના મામા મેહુલ ચોકસીના પાસપોર્ટ આખરે રદ કરી દેવામાં આવ્યા છે. જો કે પાસપોર્ટ રદ થવાના કારણે તેમને કોઇ અસર થાય તેવી શક્યતા નહીંવત છે. કારણ કે આ પ્રકારના લોકો અન્ય કોઈ દેશની નાગરિકતા ધરાવતા હોય છે. બીજી બાજુ નીરવના કેટલાક કારોબારીઓએ દાવો કર્યો છે કે તેકેટલીક વખત બેલ્જિયમના પાસપોર્ટ પર વિદેશ યાત્રા કરતો નજરે પડ્યો છે.

# અમદાવાદ-દીવ વચ્ચે વિમાની સેવાનો પ્રારંભ



**દિલ્હી-મુંબઈ જેવું સામાજિક જીવન હવે દમણમાં દેખાઈ રહ્યું છે : પીએમ મોદીએ દમણમાં ૩૧ પ્રોજેક્ટ શરુ કર્યા, માછીમારોને આપી બે ભેટ, સરકારે જે દમણને આપ્યું છે તે પહેલા ક્યારેય નથી અપાયું : મોદી**

દમણ, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજથી બે દિવસ ગુજરાતનો પ્રવાસ શરૂ થઈ રહ્યો છે ત્યારે તેઓ સુરત એરપોર્ટ પર પહોંચ્યા હતા. સુરત એરપોર્ટ પર રાજ્યના આરોગ્યપ્રધાન કુમાર કાનાણી અને સુરતના મેયર અસ્મિતાબેન શિરોયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દમણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત પ્રશાસક પ્રફુલ્લ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. દમણ ખાતે પધારેલા વડાપ્રધાનનું દમણ વાસીઓએ અનોખી રીતે હવામાં ગુબ્બારા છોડી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓ હેલિકોપ્ટર મારફતે દમણ ખાતે પહોંચ્યા હતાં. બીજી તરફ દમણમાં વડાપ્રધાનના પ્રવાસનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો હતો. દમણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દમણ અને દિવ વચ્ચે શરૂ થનારી હેલિકોપ્ટર સેવાને લોકો માટે શરૂ કરાવી હતી. આ સિવાય તેઓ વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતાં. અંદાજે એક હજાર કરોડના કામો નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કરવાની સાથે ખાતમુહૂર્ત કર્યા હતાં.

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ SUPER MARKET

અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર

Helpline : Mo. 98242 77883, 23247883

બ્રાન્ચો : શિવાલય રેસીડેન્સી, કુડાસણ - હેલ્પલાઈન : ૯૩૭૬૨૭૭૮૮૩

ફસ્ટસેલર, ગોલ્ડન ટ્રાયએન્ગલ, સરદાર પટેલ સ્ટેડીયમ પાસે, નવરંગપુરા, અમદાવાદ. હેલ્પલાઈન : ૭૦૬૯૭૭૭૮૮૩

| આઈટમનું નામ | ફાયદો |
|---|---|
| અમૂલ-સાગર-મધુર-ગોવર્ધન ઘી ૧ - ૨ - ૫ લીટર (લીટરે) | રૂ. ૩૨ |
| તમામ પતંજલિ પ્રોડક્ટસ | ૭ % |
| આશીર્વાદ-પીલ્સબરી - ઉત્તમ આટો - પાંચ કિલો (૧૭૫-૧૫૫) | રૂ. ૨૦ |
| મધુર ખાંડ ૫ કિલો (૨૯૫-૨૧૦) | રૂ. ૮૫ |
| મીસ્ટર વ્હાઈટ ૫ કિલો - ટાઈડ ૬ કિલો, રીન ૬ કિલો | રૂ. ૬૦ |
| સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - ફ્રન્ટ લોડ | રૂ. ૧૪૦ |
| રામદેવ-કિચન એક્સપ્રેસ - મરચુ - હળદર ૧ કિલો, અમૂલ પ્રો. ૫૦૦ ગ્રામ - લિજ્જત પાપડ ૧ કિલો, | રૂ. ૨૫ |
| ● કિસાન કેચઅપ ૯૫૦ ગ્રામ પાઉચ (૧૨૫-૯૦) ● સફોલા ગોલ્ડ ૫ લિટર+૧ લિટર ફ્રી/ લોટેચોકોપાઈ-૧૨ પેક ● વીમ લીક્વીડ ૧.૮ લિટર (૩૪૮-૩૧૩) | રૂ. ૩૫ |
| બધા જ શેમ્પુ - ૬૦૦ Ml + | રૂ. ૧૦૦ |
| બધા જ ગીટ્સ - કેલોગ્સ - ક્લોઝઅપ - ૧૫૦ ગ્રામ - મેક્સો | ૧૫ % |
| ● પાંચ તારા ફરારી રાજગરો-મોરૈયો-સાબુદાણા (૫૦૦ ગ્રામ) ● મેગી ૬ પેક ૪૨૦ ગ્રામ MRP-65 ● બધા જ કોલ્ડડ્રીંક્સ | ૧૦ % |
| વાઘબકરી - નવચેતન - મીલી - રેડલેબલ - ટાટાઅગ્નિ જીવરાજ ૯ નં. તાજા - સી-સોમાભાઈ ચા - ૧ કિલો | રૂ. ૨૦ |
| સ્ટે ફ્રી - ૨૮ પેડ ડ્રાય મેક્સ (૩૩૦ - ૨૩૦) | રૂ. ૧૦૦ |
| પારલે-જી બિસ્કીટ ૮૦૦ ગ્રામ (૬૦-૫૧) | રૂ. ૯ |

● અંગુર તુવેરદાળ તેલવાળી ૫ કિલો - ૩૭૫/-
● તીરૂપતી કપાસીયા ૧૫ કિલો - ૧૨૮૦/-
● ફોરચ્યુન સન ફ્લાવર ૧૫ લિટર ટીન - ૧૨૫૦/-
● ફ્રેશ એન્ડ પ્યોર સનફ્લાવર બ્રાન્ડ ૧૫ લિટર - ૧૨૦૦/-
● ગોળ કોલ્હાપુરી સીલ્વર બ્રાન્ડ લુઝ ૧ કિલો - ૬૦/-

# શ્રીલંકામાં ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં ધોની, કોહલી નહી રમે

**આજે ટીમની પસંદગી કરાશે, અનેક નવા ચહેરાઓને તક મળશે : રોહિત શર્મા ટીમનુ નેતૃત્વ કરશે**

નવી દિલ્હી,તા. ૨૪

શ્રીલંકામાં રમાનારી ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં કેપ્ટન વિરાટ કોહલી, મહેન્દ્ર સિંહ ધોની, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા નહીં રમે તેવી શક્યતા દેખાઇ રહી છે. હાલના ભરચક કાર્યક્રમોને ધ્યાનમાં લઈને આ તમામ સ્ટાર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. શ્રીલંકામાં રમાનારી ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની પસંદગી આવતીકાલે રવિવારના દિવસે કરવામાં આવનાર છે. દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં લાંબી શ્રેણી રમ્યા બાદ આ ખેલાડીઓને આરામ આપવામાં આવનાર છે. આફ્રિકામાં છ વન ડે મેચો અને ત્રણ ટ્વેન્ટી મેચો રમાઇ હતી. ભારતે જોરદાર દેખાવ કર્યો હતો. મળેલી માહિતી મુજબ વિરાટ કોહલીની ગેરહાજરીમાં રોહિત શર્મા ટીમનુ નેતૃત્વ કરનાર છે. કેટલાક નવા યુવા ખેલાડીઓને સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી હાલમાં પૂર્ણ થઈ છે. ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ટીમની પસંદગી કરતી વેળા સ્ટાર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યુ છે કે ખેલાડીઓ અને બોર્ડે પારસ્પરિક રીતે ટોપના ખેલાડીઓને આરામ આપવાના મુદ્દે સહમતી દર્શાવી છે. આ ખેલાડીઓ છેલ્લા કેટલાક દિવસથી સતત રમી રહ્યા હતા. પસંદગીકારો આ સ્ટાર ખેલાડીઓની જગ્યાએ કેટલાક નવા આશાસ્પદ

● અનુસંધાન પાન-૭ પર

## હોળી પર રેલવે દ્વારા ખાસ નવ ટ્રેનો શરૂ કરાઈ

નવી દિલ્હી,તા. ૨૪

હોળીના તહેવાર પર યાત્રીઓના જંગી ધસારાને ધ્યાનમાં લઈને ભારતીય રેલવે દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવે દ્વારા નવ સ્પેશિયલ ટ્રેનોના પરિચાલનની જાહેરાત કરી છે. પૂર્વ અને મધ્ય રેલવે દ્વારા કરવામાં આવેલી નવી વ્યવસ્થાના કારણે લાખોની સંખ્યામાં યાત્રીઓને ખાસ નવી સુવિધા મળી શકશે. યાત્રીઓને સારી સુવિધા મળે તે હેતુસર આ વ્યવસ્થા કરવામાં આવી છે. જે નવી નવ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે તેમાં આસનસોલ-પટણા હોળી સ્પેશિયલ ટેરેન, હબીબગંજ-પટણા સુપરફાસ્ટ હોળી સ્પેશિયલ, રાંચી-પટણા હોળી સ્પેશિયલ, હાવડા-રક્સોલ હોળી સ્પેશિયલ, માલદા ટાઉન-આનંદ વિહાર, હોળી સ્પેશિયલ, હાવડા-ગોરખપુર હોળી સ્પેશિયલ કોલકત્તા-છપરા હોળી સ્પેશિયલ , ટાટા-છપરા હોળી સ્પેશિયલ અને સંતરાગાછી-દરભંગા હોળી સ્પેશિયલનો સમાવેશ થાય છે. રેલવે દ્વારા કહેવામાં આવ્યુ છે કે યાત્રીઓને તહેવાર દરમિયાન કોઈ તકલીફ ન પડે તે હેતુસર કેટલીક નવી ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

